| | |
|---|---|
| દાખલ તારીખ. | ૦૭–૧૦–૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૭–૧૦–૨૦૨૨ |
| ફેંસલ તારીખ. | ૧૫–૦૭–૨૦૨૩ |
| સમય ગાળો. | વર્ષ : માસ : દિવસ.<br>૦૦– ૦૯ – ૦૮ |

## નેત્રંગ ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, મુ – નેત્રંગ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રીમીનલ કેસ નંબર. | ► | ૯૫૪–૨૦૨૨ | આંક. | ► | ૨૪ |

| ફરીયાદી. | | આરોપી. |
|---|---|---|
| શ્રી. સરકાર. | વિરૂધ્ધ | (૧) બિલાલ ઉર્ફે બિલ્લો બાદશાહ નુરમહમદ મકરાણી,<br>રહે. અવિધા કંપની ફળીયુ નેત્રંગ,તા.નેત્રંગ,જી.ભરૂચ,<br>(૨) સુનીલભાઈ કિશનભાઈ થેલાડી,<br>રહે.નાની દેવરૂપણ,તા.સાગબારા,જી.નર્મદા,<br>(૩) અનિલભાઈ સુનીલભાઈ તડવી,<br>રહે. જમાદાર ફળીયુ સેલંબા,તા.સાગબારા,જી.નર્મદા,<br>(૪) દિલીપભાઈ ઉર્ફે દિલો જયંતભાઈ વળવી,<br>રહે. નવાગામ,તા.સાગબારા,જી.નર્મદા, |

| | | |
|---|---|---|
| ગુન્હો. | ⇨ | પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એઈ,૮૧,૯૮(૨) મુજબ. |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | વિ.એ.પી.પી.શ્રી. | પી.આર.ચૌધરી |
| આરોપીપક્ષ તરફે. | વિ.વકીલ શ્રી. | જે.કે.યાદવ |

### ◀◀ ઠ રા વ ▶▶

(૧).. આ કામની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૨/૦૭/૧૮ ના કલાક ૧૧:૦૦ વાગ્યાના સુમારે નેત્રંગ અવિધા કંપની ફળીયામા આરોપી નં. ૧ થી ૩

નાઓ અવિધા કંપનીના છાપરામા પોતાના અંગત સ્વાર્થ સારૂ બોમ્બે સ્પેશ્યલ વ્હીસ્કી ૭૫૦ મિલીની શીલબંધ બોટલોમાથી વિદેશી દારૂ કાઢી પાણી સાથે મિક્ષ કરી રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૧૮૦ મીલીની ખાલી બોટલોમા ભરી ઢાંકણ મારી પ્રાંતીય બનાવટનો દારૂ બનાવી વગર પાસ પરમીટે પોતાના કબજામા વેચાણ કરવાના ઈરાદે રાખી વહન કરી, બોમ્બે વ્હીસ્કીની ૭૫૦ મિલીની શીલબંધ બોટલ નંગ–૬૦, કિ.રૂા. ૧૮,૦૦૦/– તથા રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૧૮૦ મીલીમા ભરેલ વિદેશી દારૂ કવાર્ટર નંગ– ૨૩૭, કિ.રૂા. ૨૩,૭૦૦/– તથા મોબાઈલ નંગ–૧ કિ.રૂા. ૧૦,૦૦૦/– તથા ઈકો ગાડી કિ.રૂા. ૨,૭૫,૦૦૦/– મળી કુલ રૂા. ૩,૨૬,૭૦૦/– ના મુદામાલ સાથે પકડાઈ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાની ફરિયાદ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી.

(૨).. ફરીયાદીની ફરીયાદ આધારે નેત્રંગ પોલીસે આરોપી સામે નેત્રંગ પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં.III ૭૫/૨૦૧૮ થી પ્રોહી.એકટ ની કલમ–૬૫ એઈ, ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સારૂ ત.ક.અ ને સુપ્રત કરેલ જે બાદ તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી લઈ આરોપીને અટક કરી મુદત અંદર કોર્ટમાં રજુ કરી આરોપી સામે પૂરતો પુરાવો હોઈ સદર ગુનાનુ ચાર્જસીટ રજુ થતાં સદર ચાર્જસીટ આખરી નિર્ણય અર્થે અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરતો હુકમ કરેલ જે આધારે હાલના ગુનાનુ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ.

(૩).. આરોપીને કાઢવામાં આવેલ પ્રોસેસની ધોરણસર રીતે બજવણી થતાં આરોપી હાજર થતાં પોતાના વકીલ મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે, આરોપીને કેસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી, અનુક્રમે આંક–૦૬ થી આંક–૦૯ સુધી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે, જે બાદ હાલનો કેસ ફરીયાદપક્ષના પુરા માટે મુલત્વી રાખવામાં આવેલ છે.

(૪).. ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| અ.નં. | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ભોગીલાલભાઈ મનુભાઈ | ૧૦ |
| ૨. | ત.ક.અ ખેરાજભાઈ દિપાજી | ૧૨ |
| ૩ | પંચ સાહેદ બકુભાઈ મથુરભાઈ | ૧૪ |
| ૪ | પંચ સાહેદ મહેશભાઈ મણીલાલ | ૧૭ |
| ૫ | પંચ સાહેદ વલુસીંગભાઈ રૂપસીંગભાઈ | ૨૦ |
| ૬ | પોલીસ સાહેદ મુળજીભાઈ ખાનસિંગભાઈ | ૨૩ |

**દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૧ |
| ૨. | મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૫ |
| ૩. | અટક પંચનામું | ૧૬ |

(૫).. ત્યારબાદ ફરિયાદ પક્ષે તેઓનો પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરતાં આ કામે રજુ થયેલ પુરાવાના આધારે આરોપીનુ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ તેઓ સામેના તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે તેમજ તેઓએ સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાક્ષી તપાસવા નથી તેવુ જણાવી વિશેષમાં જણાવેલ છે કે તેઓ સામે ખોટો કેસ કરેલ છે. આમ બચાવપક્ષે તેઓના બચાવમાં કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૬).. આ કામે બંન્ને પક્ષકારોની રજુઆતો તથા રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયિક નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

## ((મુદા))

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા. ૦૨/૦૭/૧૮ ના કલાક ૧૧:૦૦ વાગ્યાના સુમારે નેત્રંગ અવિધા કંપની ફળીયામા આરોપી નં. ૧ થી ૩ નાઓ અવિધા કંપનીના છાપરામા પોતાના અંગત સ્વાર્થ સારૂ બોમ્બે સ્પેશ્યલ વ્હીસ્કી ૭૫૦ મિલીની શીલબંધ બોટલોમાથી વિદેશી દારૂ કાઢી પાણી સાથે મિક્ષ કરી રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૧૮૦ મીલીની ખાલી બોટલોમા ભરી ઢાંકણ મારી પ્રાંતીય બનાવટનો દારૂ બનાવી વગર પાસ પરમીટે પોતાના કબજામા વેચાણ કરવાના ઈરાદે રાખી વહન કરી, બોમ્બે વ્હીસ્કીની ૭૫૦ મિલીની શીલબંધ બોટલ નંગ–૬૦, કિ.રૂા. ૧૮,૦૦૦/– તથા રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૧૮૦ મીલીમા ભરેલ વિદેશી દારૂ ક્વાર્ટર નંગ– ૨૩૭, કિ.રૂા. ૨૩,૭૦૦/– તથા મોબાઈલ નંગ–૧ ,કિ.રૂા. ૧૦,૦૦૦/– તથા ઈકો ગાડી કિ.રૂા. ૨,૭૫,૦૦૦/– મળી કુલ રૂા. ૩,૨૬,૭૦૦/– ના મુદામાલ સાથે પકડાઈ એકબીજાની મદદગારી કરી , પ્રોહી એકટ કલમ–૬૫એઈ, ૮૧,૯૮(૨) મુજબ નો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

(૨). આખરી હુકમ શું ?

(૭).. ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સાથે નીચે મુજબ છે.

મુદ્દા નંબર (૧) નકારમાં.

મુદ્દા નંબર (૨) આખરી હુકમ મુજબ.

◀ કા ર ણો ▶

**મુદ્દા નંબર–૧ :–**

(૮). ફરિયાદપક્ષના કેસની હકીકત કે જે પેરા–૧ માં જણાવેલ છે તેની સાબિતી માટે જોવામાં આવે તો હાલના કામે મુદ્દામાલ દારૂ જે પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે

કરેલ તે પંચનામાના પંચ સાહેદ બકુભાઈ મથુરભાઇને આંક–૧૪ તથા પંચ સાહેદ મહેશભાઈ મણીલાલને આંક–૧૭ થી તપાસતા આ પંચસાહેદ એ આંક–૧૫ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે સદર પંચ સાહેદો પંચનામાની વિગતો ને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓ દ્રારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરાવી ઉલટ તપાસમાં પૂછી શકાાય તે મુજબના પ્રશ્નો પંચનામાને મદદરૂપ કોઈ હકીકત જણાવતા નથી. આરોપી તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, તૈયાર પંચનામા માં સહી કર્યા સીવાય તેઓ બીજુ કશુ જાણતા નથી.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સદર કામે પંચ સાહેદ બકુભાઈ મથુરભાઇને આંક–૧૪ થી તથા પંચ સાહેદ વલુસીંગભાઈ રૂપસીંગભાઇને આંક–૨૦ થી તપાસતા આ બંન્ને પંચસાહેદો એ આંક–૧૬ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે સદર પંચ સાહેદો પંચનામાની વિગતો ને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓ દ્રારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરાવી ઉલટ તપાસમાં પૂછી શકાાય તે મુજબના પ્રશ્નો પંચનામાને મદદરૂપ કોઈ હકીકત જણાવતા નથી. આરોપી તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, તૈયાર પંચનામા માં સહી કર્યા સીવાય તેઓ બીજુ કશુ જાણતા નથી.

(૧૦) આ કામે ફરિયાદી ભોગીલાલભાઈ મનુભાઈનો આંક–૧૦ થી મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેઓ એ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૨.૦૭.૨૦૧૮ ના રોજ અમો નેત્રંગ પો.સ્ટે માં ફરજ પર હાજર હતા તે દિવસે ડી.જી.પી.સાહેબશ્રીનાઓ તરફથી મળેલ હુકમ મુજબ પ્રોહી ડ્રાઈવ રાખેલ હોય જે અનુસંધાને પી.એસ.આઇ એચ.એન.બારીયા તથા અન્યપોલીસ સ્ટાફના માણસો સાથે નેત્રંગ ટાઉન વિસ્તારમાં

પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે નેત્રંગ અવિધા કંપનીમાં બાતમીવાળી જગ્યાએ બે પંચોના માણસો સાથે રેઈડ કરતા સદર જગ્યાએ છાપરા પાસે ખાત્રી કરતા છાપરાની આગળ એક ઈકો ગાડી પડેલ હતી અને સદર છાપરામાં અંદર જતા ત્રણ ઈસમો હાજર મળી આવેલ તેમના પંચો રૂબરૂ નામ ઠામ પુછતાં પોતાનું નામ ૧.બીલાલ ઉર્ફે બીલ્લ્લો બાદશાહ નુરમહંમદ મકરાણી, ૨. સુનીલભાઈ કીશનભાઈ ઠેલાડી, ૩. અનીલભાઈ સુનીલભાઈ તડવી હોવાનું જણાવેલ સદર ઈસમોને સાથે રાખી રૂમમાં તપાસ કરતા અંદર કેટલીક પર પ્રાંતીય બનાવટની વિદેશી દારૂની બોટલ સ્કૂલ બેગમાં તથા મીણીયાના થેલામાં તથા છુટી પડેલ હતી તે જોતા બોમ્બે સ્પેશ્યલ વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની બોટલો નંગ–૨૦ જે એક બોટલની કિંમત રૂા.૩૦૦ લેખે કુલ કિંમત રૂા.૬૦૦૦/– , તથા રોયલ સ્ટેગ વ્હીસ્કી ૧૮૦ મી.લી. ની બોટલો નંગ–૨૩૭ જે એક બોટલની કિંમત રૂા.૧૦૦ લેખે કુલ કિંમત રૂા.૨૩,૭૦૦/– નો પ્રોહી મુદદામાલ તથા મીણીયાના થેલામાથી બોમ્બે સ્પેશ્યલ વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની બોટલો નંગ–૪૦ જે એક બોટલની કિંમત રૂા.૩૦૦ લેખે કુલ કિંમત રૂા.૧૨,૦૦૦/– તથા અલગ–અલગ બ્રાન્ડની નાની મોટી ખાલી બોટલો તથા એક મોબાઈલ કિંમત રૂા.૧૦,૦૦૦ તથા ઈકો ગાડી કિંમત રૂા.૨,૭૫,૦૦૦/–મળી આવતા આ તમામ મુદદામાલ કુલ્લે કિંમત રૂા.૩,૨૬,૭૦૦/– નો તપાસ અર્થે કબજે કરી તે અંગેનું વિગતવારનું પંચનામું પી.એસ.આઈ એચ.એન.બારીયાનાઓએ કરી લીધેલ. સદર કામનાં આરોપીઓ સામે અમોએ પ્રોહી કલમ ૬૫ (એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબની ફરિયાદ આપેલ અમોને ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં ફરિયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું જેને સદર કામમાં રજુ દાખલ આંક.૧૧ આપવામાં આવે છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકૃત કરેલ છે કે, એ વાત ખરી છે કે અમારી ફરીયાદમાં પંચોના નામ સરનામાંની વિગત જણાવેલ નથી. અમો ખાનગી વાહનમાં બાતમીવાળી જગ્યાએ ગયેલ હતા. એ વાત ખરી છે કે ખાનગી

વાહનનો નંબર તથા વાહનના ડ્રાઈવરનું નામ ફરીયાદમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, પંચો પહેલેથી અમારી સાથે હતા પાછળથી તેઓ બનાવ સ્થળે આવેલ નથી. એ વાત ખરી છે કે બાતમીદારનું નામ ફરિયાદમાં દર્શાવેલ નથી.એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુ બાજુ રહેણાંકના મકાનો આવેલા છે.

(૧૧) આ કામે ત.ક.અ ખેરાજભાઈ દિપાજીનો આંક–૧૨ થી મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને ૨૦૧૮ ની સાલમાં હુ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ તરીકે ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન નેત્રંગ પોલીસ સ્ટેશન થર્ડ ગુના રજી. નં. ૭૫/૨૦૧૮ થી પ્રોહી કલમ ૬૫ એ,ઇ, ૮૧,૯૮(૨) મુજબનો ગુનો નોંધાયો હતો સદર ગુનાની તપાસ પી. એસ. આઇ. શ્રી એચ.એન.બારીયા નાઓને સોંપવામાં આવેલ હતી પરંતુ તેમની બદલી થતાં અને અમારી નેત્રંગ પોલીસ સ્ટેશનમાં પી. એસ. આઇ. તરીકે નિમણૂક થતાં સદર ગુનાની આગળની તપાસ અમોંએ સંભાળેલ સદર ગુનાના કામે અમોએ નાસતા ફરતા આરોપી દિલીપ ઉર્ફે દિલો જયંતીભાઇ વળવી નાઓની તા. ૧૯/૦૮/૨૦૧૮ ના રોજ બે પંચો રૂબરૂ અટક કરેલ ત્યારબાદ સદર આરોપીને નામદાર કોર્ટ સમક્ષ હાજર કરેલ ત્યારબાદ સદર ગુનાના કામે તપાસ પૂર્ણ કરીતમામ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકૃત કરેલ છે કે, એ વાત ખરી છે કે સદર કામે અમોએ આરોપીઓનું શરીરસ્થિતીનું પંચનામુ તથા ચાર્જશીટ કર્યા સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી. એ વાત ખરી છે કે, પકડાયેલ પ્રોહીબીશન મુદદામાલ અંગે એફ.એસ.એલ નો રીપોર્ટ ચાર્જશીટ દાખલ કરતી વખતે આવેલ ન હતો અને રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે, પકડાયેલ પ્રોહીબીશન મુદદામાલ જે કંપનીનો હતો તેના કર્મચારીના નામનો ઉલ્લેખ ચાર્જશીટમાં કરેલ નથી.

(૧૨) આ કામે પોલીસ સાહેદ મુળજીભાઈ ખાનસિંગભાઈનો આંક–૨૩ થી મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેઓ એ તેમની સર તપાસમાં જણાવેલ છે કે, તા.૦૨.૦૭.૨૦૧૮ ના રોજ અમો નેત્રંગ પો.સ્ટે માં ફરજ પર હાજર હતા તે દિવસે ડી.જી.પી.સાહેબશ્રીનાઓ તરફથી મળેલ હુકમ મુજબ પ્રોહી ડ્રાઈવ રાખેલ હોય જે અનુસંધાને પી.એસ.આઇ એચ.એન.બારીયા તથા અન્યપોલીસ સ્ટાફના માણસો સાથે અમો નેત્રંગ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે નેત્રંગ અવિધા કંપનીમાં બાતમીવાળી જગ્યાએ બે પંચોના માણસો સાથે રેઈડ કરતા સદર જગ્યાએ છાપરા પાસે ખાત્રી કરતા છાપરાની આગળ એક ઈકો ગાડી પડેલ હતી અને સદર છાપરામાં અંદર જતા ત્રણ ઈસમો હાજર મળી આવેલ તેમના પંચો રૂબરૂ નામ ઠામ પુછતાં પોતાનું નામ ૧.બીલાલ ઉર્ફે બીલ્લ્લો બાદશાહ નુરમહંમદ મકરાણી, ૨. સુનીલભાઈ કીશનભાઈ હેલાડી, ૩. અનીલભાઈ સુનીલભાઈ તડવી હોવાનું જણાવેલ સદર ઈસમોને સાથે રાખી રૂમમાં તપાસ કરતા અંદર કેટલીક પર પ્રાંતીય બનાવટની વિદેશી દારૂની બોટલ સ્કૂલ બેગમાં તથા મીણીયાના થેલામાં તથા છુટી પડેલ હતી તે જોતા બોમ્બે સ્પેશ્યલ વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની બોટલો નંગ–૨૦ જે એક બોટલની કિંમત રૂા.૩૦૦ લેખે કુલ કિંમત રૂા.૬૦૦૦/– , તથા રોયલ સ્ટેગ વ્હીસ્કી ૧૮૦ મી.લી. ની બોટલો નંગ–૨૩૭ જે એક બોટલની કિંમત રૂા.૧૦૦ લેખે કુલ કિંમત રૂા.૨૩,૭૦૦/– નો પ્રોહી મુદદામાલ તથા મીણીયાના થેલામાથી બોમ્બે સ્પેશ્યલ વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની બોટલો નંગ–૪૦ જે એક બોટલની કિંમત રૂા.૩૦૦ લેખે કુલ કિંમત રૂા.૧૨,૦૦૦/– તથા અલગ–અલગ બ્રાન્ડની નાની મોટી ખાલી બોટલો તથા એક મોબાઈલ કિંમત રૂા.૧૦,૦૦૦ તથા ઈકો ગાડી કિંમત રૂા.૨,૭૫,૦૦૦/–મળી આવતા આ તમામ મુદદામાલ કુલ્લે કિંમત રૂા.૩,૨૬,૭૦૦/– નો તપાસ અર્થે કબજે કરી તે અંગેનું વિગતવારનું પંચનામું પી.એસ.આઈ એચ.એન.બારીયાનાઓએ કરી લીધેલ. સદર કામનાં આરોપીઓ સામે અહેકો ભોગીલાલભાઈ મનુભાઈનાઓએ પ્રોહી

કલમ ૬૫ (એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબની ફરિયાદ આપેલ. તપાસના કામે તપાસ કરનાર અમલદારે મારો જવાબ લીધેલો.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમાં તેઓ સ્વીકૃત કરેલ છે કે, અમો બપોરના બાર વાગ્યે પોલીસ સ્ટેશનથી રેઈડમાં જવા નીકળેલા.એ વાત ખરી છે કે અમારા નિવેદનમાં પંચોના નામ સરનામાંની વિગત જણાવેલ નથી. અમો ખાનગી વાહનમાં બાતમીવાળી જગ્યાએ ગયેલ હતા. એ વાત ખરી છે કે ખાનગી વાહનનો નંબર તથા વાહનના ડ્રાઈવરનું નામ અમારા નિવેદનમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુ બાજુ રહેણાંકના મકાનો આવેલા છે.

(૧૩). આમ, ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોક્ત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો હાલના વિદેશી દારૂના કબજાના કેસમાં ફરિયાદપક્ષે પંચનામુ એ એક અગત્ય નો દસ્તાવેજ છે. પરંતુ આ કામના મહત્વના સાહેદ પંચો હોસ્ટાઈલ જાહેર થયેલા હોય તથા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેમની જુબાનીમાં પંચનામાની હકીકતો સાબિત થતી નથી. ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનુ ગુણ–દોષ ઉપર મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે પંચ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.

**<u>ફરિયાદ તથા પંચનામાનુ પુરાવાકીય મુલ્યઃ–</u>**

(૧૪) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવુ અનુમાન કરવાનુ હોય છે કે, જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતુ નથી. " પુરાવાનુ મુલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનુ મુલ્યાંકન કેવી રીતે

કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલ નથી, કારણ કે દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

(૧૫) પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને ના સાબિતની વ્યાખ્યા પર આધારિત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૧૬) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહે છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબક્કે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

આરોપીઓ ને આ ગુનામાં તકસીરવાન ઠરાવવા માટે ફરિયાદપક્ષે એવું સાબિત કરવું પડે કે જે મુદ્દામાલ પરપ્રાંતીય અને વિદેશી દારૂ મળી આવેલ તે આરોપીઓ ના કોન્શીયસ પઝેશનમાં હતો. પરંતુ આ કામે ફરિયાદપક્ષ દ્વારા તેઓ કોઈ પુરાવો રજુ

કરવામાં આવેલ નથી કે તેવું સાબિત થઈ શકે કે મુદ્દામાલ દારૂ આરોપીઓ ના કબજામાં હતો.

(૧૭) આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ધીરજલાલ ગાંડાભાઈ વિરૂધ્ધ ગુજરાત રાજય, ૧૯૯૧(૧) જી.એલ.એચ.૪૩૩ ના ચૂકાદાથી આ અદાલત વાકેફ છે, સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લીધા છે,સદર ચુકાદો ધ્યાને લેતાં તે કેસમાં પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી તથા ફરીયાદી, ત.ક.અ એ તેઓની જુબાનીમાં પંચોની સહીઓવાળી કાપલીઓ કબજે કરવામાં આવેલ બોટલો પર ચોટાડવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી તેમજ બોટલ પર જે કંપનીના લેબલ હતા તે કંપની બાબતે પણ કોઈ તપાસ કરેલ હોય કે બોટલોના સીલ ઓરીજનલ હતા કે કેમ? તે બાબતે પણ કોઈ તપાસ કરેલ નથી

વધુમાં સદર કેસમાં ફરીયાદપક્ષે પંચ સાહેદો, ફરીયાદી,પોલીસ સાહેદ તથા આ કામના ત.ક.અમલદારશ્રીને તપાસવામાં આવેલ છે, પરંતુ તેમાંથી કોઈએ પણ તેમની જુબાનીમાં બોટલો પરના લેબલ ઓરીજીનલ હોવાનુ જણાવેલ નથી તથા આ કામે ત.ક.અમલદારશ્રી દ્વારા વિદેશી દારૂના ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ નથી તેથી ઉત્પાદકના પુરાવાની ગેરહાજરીમાં બોટલ ઉપરના સીલ ઓરીજીનલ હતા તે અનુમાન કરી શકાય નહી અને કેમીકલ એનેલાઈઝરનો પુરાવો ન હોઈ આરોપી પ્રતિબંધીત દારૂના કબજામાં હતો તે અનુમાન કરી શકાય નહી તેવુ ઠરાવેલ છે.

(૧૮) હવે ઉપરોકત ચુકાદાઓમાં તારવવામાં આવેલ સિધ્ધાંતોને આધારે આ કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે પંચ સાહેદો તેમની સોગંદ ઉપરની જુબાની માં તેઓ રુબરુ કરવામાં આવેલ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે જેથી તેમની હાજરીમાં પંચનામાની વિગતે પરપ્રાંતીય અને વિદેશી દારૂ કબજે કરેલ હોય તે હકીકત પુરવાર થતી નથી, જયારે

ફરીયાદી,પોલીસ સાહેદ તથા આ કામના ત.ક.અમલદારશ્રીને તપાસવામાં આવેલ છે પરંતુ આ કામ ના ફરીયાદી,પોલીસ સાહેદ તથા આ કામના ત.ક.અમલદારશ્રીએ તેમની જુબાનીમાં પરપ્રાંતીય અને વિદેશી દારૂ ની બોટલ ઉપરનુ લેબલ ઓરીજીનલ હોવાનુ જણાવેલ નથી તેમજ ફરીયાદી,પોલીસ સાહેદ તથા આ કામના ત.ક.અમલદારશ્રીના પુરાવા દરમ્યાન તેઓએ પરપ્રાંતીય અને વિદેશી દારૂ સિલબંધ માર્કાના આધારે રજુ કરેલ છે. આમ તે અંગે કોઈ તપાસ કરેલી હોય તેવુ જણાઈ આવતુ નથી આ સંજોગોમાં ઉત્પાદકના પુરાવાની ગેરહાજરીમાં તે સીલ ઓરીજીનલ હતા કે કેમ તે અનુમાન કરી શકાય નહી.

(૧૯) ફરીયાદી તથા ત.ક.અમલદારના પુરાવાને લક્ષનાં લેતાં આ કામે કોઈ ઉત્પાદકનો જવાબ લીધેલો હોય કે કબજે કરવામાં આવેલ ઇંગ્લીશ દારૂની બોટલ સીલબંધ હતી કે કેમ ? તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપ શંકા રહિત સાબીત કરી શકેલ ન હોઈ, ઉપરોકત કરેલ ચર્ચા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો પ્રમાણે આરોપીઓ ના કબજામાં વિદેશી દારૂની બોટલો હતી તે હકીકત નિઃશંકપણે પુરવાર થતુ નથી. કાયદાનો કોઈ એવો નિયમ નથી કે પોલીસ સાહેદનો પુરાવો ન માનવો જોઈએ પરંતુ પોલીસ સાહેદોની જુબાની Substantive Piece Of Evidence નહી પરંતુ Corrobrative Piece Of Evidence છે. પોલીસ સાહેદોની જુબાનીને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળવુ જરૂરી છે, વધુમાં હાલના કેસમાં પોલીસ કર્મચારીઓ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. વધુમા ત.ક.અ, ફરીયાદી અને પોલીસ સાહેદનો પુરાવો ધ્યાને લેતા કહેવાતા ગુનામા જે વાહન કબજે કરવામા આવેલ છે તે વાહનની માલિકીને લગતા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ નથી તેમજ સદર કામે મુદામાલ અંગે એફ.એસ.એલનો રીપોર્ટ રજુ કરવામા આવેલ નથી તેમજ ફરીયાદમા પંચોના

નામ સરનામા જણાવવામા આવેલ નથી તેવી હકીકત સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદીએ કયા કારણોસર તેઓની ફરીયાદમા પંચોના નામનો ઉલ્લેખ કરેલ નથી તે અંગેનો કોઈ યોગ્ય ખુલાસો કરવામા આવેલ નથી. તેમજ જે જગ્યાએથી પ્રોહી મુદામાલ અટક કરવામા આવેલ છે તે જગ્યાએ રહેણાંકના મકાનો આવેલ હોવાથી સ્વતંત્ર સાહેદો મળી શકવાની સંભાવનાઓ હોવા છતા કયા કારણોસર તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામા આવેલ નથી તે અંગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો કરવામા આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, માત્ર શંકાના ઉપર આધાર રાખીને આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત પુરવાર થયેલ માની શકાય નહી. આમ, રેકર્ડ ઉપર પ્રસ્તુત સમગ્ર પુરાવાથી આ કામના આરોપીઓના પ્રત્યક્ષ કબજામાથી પ્રોહી મુદામાલ મળી આવેલ હોય કે બનાવવાળી જગ્યાએથી જે વાહન કબજે કરવામા આવેલ છે તે વાહન આરોપીઓની માલિકીનુ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદપક્ષ શંકાથી પરે રહીને પુરવાર કરવામા સફળ થઈ શકેલ નથી. વધુમા બાતમીવાળી જગ્યાએથી જે મુદામાલ મળી આવેલ છે તે હકીકત સાબીત કરવા માટે ફરીયાદપક્ષે એક માત્ર પોલીસ સાહેદો અને પંચ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખેલ છે. ઉપર જણાવ્યુ તેમ પંચ સાહેદો તેઓ રુબરુ કરવામાં આવેલ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી, તે સંજોગોમાં ફકત એક માત્ર ફરીયાદી /ત.ક.અમલદાર તથા ત.ક.અમલદારશ્રીની જુબાનીને આધારે આરોપીઓ ને સજા કરી શકાય નહી. આ કામના પોલીસ સાહેદોએ આ કામે રસ ધરાવનાર અને હિત ધરાવતા સાહેદ છે, ત્યારે શકય છે કે તેઓએ પોતાની ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય તે રીતે જુબાની આપેલ છે પરંતુ પંચનામાના પંચોએ હોસ્ટાઈલ જાહેર થયેલ હોઈ મુદ્દામાલ વિદેશી દારૂ આરોપીઓના કબ્જામાંથી મળેલ હોય તેવુ નિ:શંકપણે સાબીત થતુ નથી.

(૨૦) ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કામના પંચસાહેદો તેમની જુબાની દરમ્યાન પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી

કોઈ હકીકત તેમની સમગ્ર જુબાની દરમ્યાન જણાવતા નથી તેમની હાજરીમાં કહેવાતો મુદ્દામાલ પરપ્રાંતીય અને વિદેશી દારૂ તથા બીયરના ટીન કબજે લેવામાં આવેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન આપતા ન હોય, પંચસાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ કે ઉપયોગી બનતો નથી. આમ, ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા બનાવના દિવસે આરોપીઓ ના કબજામાંથી કહેવાતો પરપ્રાંતિય અને પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળી આવેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, હાલના ગુનાના કામે આરોપીને તેની સામેના ગુનાહિત કૃત્ય બદલ જવાબદાર ઠરાવી શકાય તેવો લેશમાત્ર પુરાવો રજુ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આમ, હાલના ગુનાના કામે આરોપીઓ ને તેની સામેના ગુનાહિત કૃત્ય બદલ જવાબદાર ઠરાવી શકાય તેવો લેશમાત્ર પુરાવો રજુ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ સિદ્ધાંત છે કે, ફોજદારી કામમાં આરોપીએ પોતાની નિર્દોષતા સાબિત કરવાની હોતી નથી પરંતુ ફરિયાદીએ પોતાના કેસની હકીકતોને શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે, જે ફરિયાદપક્ષ દ્વારા સાબિત કરવામાં આવી નથી ત્યારે આરોપીઓ વિરૂધ્ધનો કેસ ફરિયાદપક્ષ શંકાથી પર રીતે સાબિત કરતા ન હોય આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

....**હુ ક મ**....

૦ આ કામના આરોપીઓ નં. (૧) બિલાલ ઉર્ફે બિલ્લો બાદશાહ નુરમહમદ મકરાણી, રહે. અવિધા કંપની ફળીયુ નેત્રંગ,તા.નેત્રંગ,જી.ભરૂચ,(૨) સુનીલભાઈ કિશનભાઈ થેલાડી, રહે.નાની દેવરૂપણ,તા.સાગબારા,જી.નર્મદા,(૩) અનિલભાઈ સુનીલભાઈ તડવી, રહે. જમાદાર ફળીયુ સેલંબા,તા.સાગબારા,જી.નર્મદા,(૪) દિલીપભાઈ ઉર્ફે દિલો જયંતભાઈ વળવી,રહે. નવાગામ,તા.સાગબારા,જી.નર્મદા વાળાને ક્રિમીનલ

પ્રોસીજર કોડ કલમ ૨૪૮(૧) અન્વયે તેમની સામેના પ્રોહી એકટની કલમ–૬૫(એઈ),૮૧,૯૮(૨) હેઠળના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૦ આ કામે મુદ્દામાલ પ્રતિબંધિત ઈગ્લીશ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૦ સદર કામે કબજે કરવામા આવેલ મુદામાલ વાહન તથા મોબાઈલ અંગે અગાઉ જો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે અન્યથા તેના મુળ માલિકીની ખરાઈ કરી તેના મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામા આવેલ છે.

૦ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓ એ આપેલ જામીન છ માસ સુધીના સમય માટે અમલમાં રહેશે.

હુકમ આજ રોજ તારીખ ૧૫ મી, માહે–જુલાઈ, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૫/૦૭/૨૦૨૩ (તન્મય ગિરીશચંદ્ર શુકલ)
સ્થળ – નેત્રંગ જ્યુડી.મેજી.ફ.ક.–નેત્રંગ
જીજે ૦૧૧૦૫